# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-06-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M. – આજે સ્લોવાકિયાની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્લોવાકિયાની રાજધાની બ્રાતીસ્લવાવામાં પ્રધાનમંત્રી રોબર્ટ ફિકો સાથે વાતચીત કરશે. તેઓ સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રેની સાથે પણ મુલાકાત કરશે. પ્રધાનમંત્રી શ્રી મોદી ફ્રાન્સની યાત્રા બાદ પોતાની યાત્રાના બીજા ચરણમાં ગઇકાલે રાત્રે સ્લાવાકિયાની યાત્રા અંતર્ગત બ્રાતિસ્લવા પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે, આ યાત્રાથી બન્ને દેશોના સંબંધ વધુ મજબૂત થશે અને સહયોગના નવા ક્ષેત્રો વિશે વિચાર-વિમર્શ થશે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, તેઓ સ્લોવાકિયાના રાષ્ટ્રપિ અને પ્રધાનમંત્રી સાથે રચનાત્મક ચર્ચા માટે ઉત્સકુ છે.

**--------------------------------------------------------------------------------------------**

## P.M. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખની પ્રતિનિધિ મંડળની વાટાઘાટો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંએ ફ્રાન્સના નીસમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. બંને પક્ષોએ મુખ્યત્વે સંરક્ષણ, ટેકનોલોજી અને વેપાર સહિત તેમની ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીના વિસ્તરણ પર ચર્ચા કરી. બંને નેતાઓએ વોક-એન્ડ-ટોક સત્ર દરમિયાન પણ ચર્ચા કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રી મેક્રોંએ નાઇસમાં ભારત ઇનોવેટ્સ કાર્યક્રમનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું.

ભારત-ફ્રાન્સ નવાચાર વર્ષ દરમિયાન આયોજિત આ કાર્યક્રમમાં અન્ય દેશોના ટોચના નવાચાર સ્ટાર્ટઅપ્સ અને અગ્રણી રોકાણકારો ઉપસ્થિત રહ્યા. એડવાન્સ્ડ ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સેમિકન્ડક્ટર્સ, કુત્રિમ બુદ્ધિમતા અને અવકાશ, સ્વચ્છ ઉર્જા અને જૈવ પ્રૌદ્યોગિકી સહિત 13 મુખ્ય ક્ષેત્રોમાં નવાચાર પ્રદર્શિત કરાયા.

---------------------------------------------------------------------------------------

## આરોગ્ય ક્ષેત્રે છેલ્લા 12 વર્ષમાં નોંધપાત્ર સુધારો

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં દેશના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ગડકરીએ કહ્યું આયુષ્માન ભારત યોજના હેઠળ, કરોડો લોકો કેશલેસ આરોગ્યસંભાળ મેળવી રહ્યા છે,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે ભારત વિશ્વની કેટલીક સૌથી મોટી આરોગ્યસંભાળ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી રહ્યું છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું છેલ્લા 12 વર્ષમાં દેશની આરોગ્યસંભાળ સેવાઓમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે સ્વસ્થ નાગરિકો દેશની સૌથી મોટી તાકાત છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ ખાતે પશલપાન મહા વિદ્યાલય

જિલ્લા મથક ભુજ ખાતે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. પી.એચ. ટાંકના હસ્તે પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય પશુ સારવાર સંકુલનું પુન:સ્થાપન અને અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પશુ સારવાર સંકુલ ભારતીય પશુ ચિકિત્સા પરિષદ-નવી દિલ્હીના ધારાધોરણ પ્રમાણેની જુદી-જુદી સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. જ્યાં તમામ પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓની સારવાર કરવામાં આવે છે, જેનાથી પશુ ચિકિત્સા ક્ષેત્રે આવનાર વિદ્યાર્થીઓને જુદા-જુદા રોગો અને તેમને લગતી સમસ્યાઓનો સામનો કરવા માટે વિશેષ તાલીમ મળશે તથા જિલ્લાના પશુપાલકો અને પશુપ્રેમીઓને મોટો ફાયદો થશે તેવી માહિતી અપાઇ હતી. આ ઉપરાંત પશુ સારવાર સંકુલ દ્વારા `પેટ કેર અવેરનેસ વર્કશોપ  પણ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------

<u>ક્રિકેટ</u>

નરેન્દ્ર ભારતીય મહિલા ટીમે પાકિસ્તાનની મહિલા ટીમને 64 રને હરાવી મહિલા ટી - 20 વિશ્વકપ સ્પર્ધાનો વિજયી પ્રારંભ કર્યો છે. બર્મિંગહામના એજબેસ્ટન ખાતેના પ્રથમ મુકાબલામાં ભારતે 6 વિકેટ ગુમાવી 170 રન  કર્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમ 106 રનમાં આઉટ થઈ ગઈ હતી. મુનિબા અલી સિદ્દીકીએ સૌથી વધુ  41 રન કર્યા હતા. દીપ્તિ શર્માએ 10 રન માં 5 વિકેટ અને શ્રી ચરનીએ 3 વિકેટ ઝડપી હતી.  એ અગાઉ ભારતીય ટીમે 7 વિકેટના ભોગે 170 રન કર્યા હતા. જેમાં સ્મૃતિ મંધનાના 68, સુકાની હર્મન પ્રીત કૌરના 36 અને રિચા ઘોષના 34 રન મુખ્ય હતા.

---------------------------------------------------------------------------------------

## અધિકમાસનું સમાપન

છેલ્લા એકમાસથી ઉજવાઈ રહેલા અધિક જેઠ માસનું આજે સમાપન થઇ રહ્યું છે. ભગવાન વિષ્ણુને પ્રિય એવા પુરુષોતમ માસનું સમાપન  ભગવાન શંકરને પ્રિય સોમવારે આવતી અમાસના થઇ રહ્યું છે. સોમવતી અમાસના દિને અધિકમાસના સમાપનનો સમન્વય 30 વર્ષ પછી થતો હોઈ આજે જપ, તપ, પૂજનનું વિશેષ મહત્વ રહેલું છે.

------------------------------------------------------------------------------------

## જિલ્લામાં અલનીનોનો ચિંતાજન વર્તારો

ચાલુ વર્ષે ચોમાસાં પર અલ નીનોનો પ્રભાવ જોવા મળે તેવો ચિંતાજનક વર્તારો હવામાન વિભાગે આપ્યો છે  ત્યારે કેન્દ્ર સરકારે અલ નીનોના સંભવિત જોખમથી સૌથી વધુ પ્રભાવિત થનારા દેશના 197 જિલ્લામાં કચ્છનો સમાવેશ કર્યો છે. કચ્છ સહિતના જિલ્લાઓને અતિ સંવેદશનીલ શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. અલ નીનોની સંભવિત અસર સામે લડવા માટે ખાસ કન્ટીજન્સી પ્લાન ઘડવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે અલ નીનો સક્રિય થવાના કારણે ચોમાસાંનું ચક્ર અનિયમિત જોવા મળશે તેવું હવામાન નિષ્ણાતો દ્વારા હાલમાં અનુમાન દેખાડવામાં આવ્યું છે,

------------------------------------------------------------------------------------